મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ,૧૮૭૯ની કલમ-૭૩એએ હેઠળની જમીન કલમ ૭૪, ૧૧૬ અને ૧૧૭એ હેઠળ રાજ્ય / કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ હેઠળ જાહેર હેતુના વિકાસના કામો માટે જમીન રાજય સરકારને સુપ્રત (Relinquishment) કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : અદજ/૧૦૨૦૧૪/૧૩૨૧/જ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૩૧/૦૩/૨૦૧૬

વંચાણમાં લીધો :-

(૧) મહેસૂલ વિભાગનો તા.૧૮/૩/૨૦૦૬ નો પરિપત્ર ક્રમાંક:-અદજ/૧૦૨૦૦૬/૨૬૩૨/જ

પરિપત્ર ::

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ,૧૮૭૯ની કલમ-૭૩એએ હેઠળની જોગવાઈઓ મુજબ આદીવાસી વ્યકિતની જમીન આદીવાસી કે બિનઆદીવાસી વ્યકિતને તબદીલ કરવાના કિસ્સામાં સક્ષમ અધિકારી તરીકે કલેકટર અથવા શીડયુલ વિસ્તાર માટે જિલ્લા પંચાયતની મંજુરી લેવાની હોય છે. જેમાં બિનઆદીવાસી વ્યકિતને તબદીલી કરવાના કિસ્સામાં સરકારશ્રીની પૂર્વ પરવાનગી લેવાની રહે છે.

રાજય સરકાર / કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ હેઠળ આદીવાસી વિસ્તારોમાં જાહેર હેતુના વિકાસના કામો જેવા કે શાળાઓ, હોસ્પિટલ, જાહેર રસ્તા, આંગણવાડી, હેન્ડપંપ જેવી સવલતો ઉભી કરવા માટે આદીવાસી વિસ્તારોમાં સરકારી પડતર અથવા પંચાયત - નગરપાલિકાની જમીનો ઉપલબ્ધ હોતી નથી. જેને કારણે આવા વિકાસના કામો કરવામાં મુશ્કેલીઓ ઉભી થાય છે. આ પ્રકારની મુશ્કેલીઓના નિવારણ માટે તેમજ જાહેર વિકાસના કામો ઝડપથી પૂર્ણ થાય તે માટે તેમજ આદીવાસી વિસ્તારોમાં વિકાસના કામોનો લાભ સબંધિત વિસ્તારના લોકોને મળી રહે તે માટે જો આદીવાસી વ્યકિતઓ સ્વેચ્છાએ તેમની ખેતીની / બિનખેતીની જમીન આવા કામો માટે સરકારશ્રીને સુપ્રત કરવા તૈયાર હોય તો નીચે દર્શાવેલ શરતો / મુદ્દાઓ વિચારણામાં લઈ જમીન સરકારી હેતુ માટે ઉપયોગમાં લેવા માટે સબંધિત પ્રાંત અધિકારી પરવાનગી આપી શકશે.

(૧) જે કોઈ જગાએ આ પ્રકારના કામ કરવાના થાય તે સ્થળે અથવા તેની નજીકમાં અનુકુળ સરકારી પડતર જમીન ઉપલબ્ધ નથી તેવું મામલતદારશ્રીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(૨) રાજય / કેન્દ્ર સરકારની યોજનાઓ હેઠળના વિકાસના કામો કરવામાં આવે છે, તેના માટે જ આવી જમીન મેળવી શકાશે.

(૩) આદીવાસી વ્યકિત બિનખેડૂત બની જતો હોય તો જમીન લઈ શકાશે નહિ.

(૪) આદીવાસી વ્યકિત એ.એલ.સી.(ખેત જમીન ટોચ મર્યાદા) / ગણોતધારા હેઠળ જમીન ધરાવતા હોય તેવા સંજોગોમાં માંગણી કરેથી રાજ્ય સરકારને સુપ્રત કરવામાં આવતી જેટલી જ જમીન નજીકના સ્થળે ઉપલબ્ધ હોય તેટલી સરકારશ્રી હસ્તકની જમીન ફાળવવાની રહેશે અને આવી ફાળવવામાં આવનાર જમીનને એ.એલ.સી. / ગણોતધારાની જોગવાઈઓ લાગુ પડશે.

(૫) જાહેર હેતુના જે વિકાસ કામો માટે જમીન લેવાયેલ હોય ત્યારે તેનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.

(૬) ૨૦૦ ચો.મી.થી ઓછા ક્ષેત્રફળ માટે કુટુંબના વડાનું સમંતિદર્શક એફીડેવીટ મેળવવાનું રહેશે, જેમાં કુટુંબના અન્ય સભ્યોની સંમતી મેળવી છે, તેમ જાહેર કરવાનું રહેશે.

(૭) ૨૦૦ ચો.મી.થી વધારે ક્ષેત્રફળ માટે આદીવાસી ખાતેદારના ગામ નમુના નં.૭/૧૨ માં જેટલા કબજેદારોના નામ હોય તે તમામનું સમંતિદર્શક એફિડેવિટ મેળવવાનું રહેશે. આવા કિસ્સાઓમાં આદીવાસી વ્યકિત ધ્વારા જમીન આવા બિનખેતી હેતુ માટે સુપ્રત (રાજીનામુ) કરવામાં આવે ત્યારે કલેક્ટરશ્રીએ ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૭૪, ૧૧૬ અને ૧૧૭-એ અન્વયે કાર્યવાહી કરવાની રહેશે. અન્યથા આવી જમીનનું કબજેદારોને જંત્રી આધારિત મુલ્યાંકન કરીને ચુકવણું કરવાનું રહેશે અથવા તો કબજેદાર દ્વારા અન્ય જમીનની માંગણી કરવામાં આવે તો સરકારને સુપ્રત કરવામાં આવતી જમીનના જંત્રી આધારિત મુલ્યાંકનની મર્યાદામાં નજીકના સ્થળે સરકારી જમીન ફાળવવાની વિચારણા કરવાની રહેશે.

(૮) જમીન સુપ્રત કરવા અંગે રેવન્યુ રેકર્ડમાં નિયમોનુસારની નોંધ કરવાની રહેશે.

(૯) જે કિસ્સાઓમાં જમીન વિના વળતરે સુપ્રત કરવામાં આવે તેવા કિસ્સાઓમાં અરજદાર દ્વારા જમીન સુપ્રત કર્યા અંગેની નકલ સંબંધિત વિભાગે / કચેરીએ અચુક રાખવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( અજય ભટ્ટ )
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ(રાજય કક્ષા સહિત) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, સા.વ.વિ. (આયોજન પ્રભાગ), સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ(વિવાદ), સરદાર વલ્લભભાઈ પટેલ મહેસૂલી અપીલ અને રીવીઝન ભવન, ફાઈનલ પ્લોટ નં.૧૩, સોલા પોલીસ સ્ટેશન પાછળ, સોલાઘાટલોડીયા રોડ, સરખેજ - ગાંધીનગર હાઈવેની પૂર્વ દિશા તરફ, ગોતા - અમદાવાદ.
- વિકાસ કમિશનરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત મહેસૂલ પંચ, લાલ દરવાજા, અમદાવાદ.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ.
- સર્વે મામલતદારશ્રીઓ.
- અગ્ર સચિવશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સુ.)ના અંગત સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(કેબીનેટ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જમીન સુધારણા કમિશનરની કચેરી, બ્લોક નં.૧૧, ૮મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહેસૂલ તપાસ કમિશનરની કચેરી, બ્લોક નં.૧૧, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહેસૂલ વિભાગની તમામ શાખાઓ.
- સિલેકટ ફાઈલ.